संस्कृत साहित्य अकादमी, ગાંધીનગર

તથા

શ્રીમતી એ.પી.પટેલ આર્ટ્સ એન્ડ સ્વ. શ્રી એન. પી. પટેલ કૉમર્સ કૉલેજના

સંયુક્ત ઉપક્રમે આયોજિત

## સાત દિવસીય રાજ્યસ્તરીય કાર્યશાળા

# હસ્તપ્રતવિદ્યા અને ભારતીય લેખનકલા

તા.૦૮-૦૮-૨૦૨૬ થી ૧૪-૦૮-૨૦૨૬

સ્થળ: ગુજરાત સાહિત્ય અકાદમી, ઝવેરચંદ મેઘાણી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨ ૦૧૦



|| આયોજક ||

**સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર**

તથા

**શ્રી નરોડા કેળવણી મંડળ સંચાલિત**

**શ્રીમતી એ.પી.પટેલ આર્ટ્સ એન્ડ સ્વ.શ્રી એન.પી.પટેલ કૉમર્સ કોલેજ**

પ્રહ્લાદભાઈ કાશીદાસ પટેલ વિદ્યાસંકુલ, કુમારશાળાની બાજુમાં,

નરોડા, અમદાવાદ, પીન. કોડ -૩૮૨૩૩૦

Website : www.appatelcollege.org

પ્રતિ,

આચાર્યશ્રી / વિભાગાધ્યક્ષ

નમસ્કાર,

અમને જણાવતા આનંદ થાય છે કે **સંસ્કૃત સાહિત્ય અકાદમી,** ગાંધીનગર અને શ્રી નરોડા કેળવણી મંડળ સંચાલિત **શ્રીમતી એ.પી.પટેલ આર્ટ્સ એન્ડ સ્વ. શ્રી એન.પી.પટેલ કૉમર્સ કૉલેજ**ના **સંસ્કૃત વિભાગ** દ્વારા વિવિધ લિપિઓના અભ્યાસ હેતુ **તા. ૦૮-૦૮-૨૦૨૬ થી તા.૧૪-૦૮-૨૦૨૬** સુધી **'હસ્તપ્રતવિદ્યા અને ભારતીય લેખનકલા'** વિષય ઉપર સાત દિવસીય કાર્યશાળાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત આ કાર્યશાળામાં બ્રાહ્મીલિપિ, શારદાલિપિ અને પ્રાચીન દેવનાગરીલિપિનો અભ્યાસ કરાવવામાં આવશે. ભારતીય પ્રાચીન હસ્તપ્રતોમાં ભારતીય જ્ઞાન પરંપરાનો ખજાનો હજારો વર્ષોથી જળવાયેલો પડ્યો છે. ભારતે વિશ્વની સૌથી સમૃધ્ધ હસ્તપ્રતોની પરંપરાઓનું પાલન કર્યું છે. આ મહાન જ્ઞાનરાશીના સંરક્ષણ અને સંવર્ધનને ધ્યાનમાં રાખીને ભારત સરકારે **જ્ઞાન ભારત મિશનની** સ્થાપના કરી છે. તે અંતર્ગત આપણા દેશમાં લાખોની સંખ્યામાં અપ્રકાશિત પાણ્ડુલિપિઓ ઉપલબ્ધ છે. જેમાંથી કેટલીય પાણ્ડુલિપિઓ અદ્યાવધિ વર્તમાન દેવનાગરીલિપિમાં લિપ્યંતરિત કરવા સહિતના સંશોધન કાર્યો અવશિષ્ટ છે. આ મહાન કાર્યમાં મદદરૂપ થવાના આશયથી અમે આ કાર્યશાળાનું આયોજન કરેલ છે. આ જ્ઞાનનિધિના વારસાને જાળવવામાં સહભાગી થવા અમે આપશ્રીને, આપની સંસ્થાના અધ્યાપકશ્રીઓને તથા સંશોધનાત્મક કાર્ય કરવામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**॥ આમંત્રક ॥**

**ડૉ. મંજુલા વીરડિયા**
સંસ્કૃત વિભાગાધ્યક્ષા
નરોડા કૉલેજ, અમદાવાદ

**ડૉ. મુકેશ પ્રજાપતિ**
આચાર્યશ્રી
નરોડા કૉલેજ, અમદાવાદ

**ડૉ. જયેન્દ્રસિંહ જાદવ**
મહામાત્ર
સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

## ઉદ્ઘાટન બેઠક

**તા. ૦૮-૦૮-૨૦૨૬ શનિવાર, સવારે ૧૧:૦૦થી ૧૨ : ૦૦**

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | ડૉ. ભાગ્યેશ જહા<br>(અધ્યક્ષશ્રી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) |
| આવકાર | : | ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ<br>(આચાર્યશ્રી, નરોડા કૉલેજ, અમદાવાદ) |
| ભૂમિકા | : | ડૉ. જયેન્દ્રસિંહ જાદવ<br>(મહામાત્રશ્રી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) |
| મુખ્ય મહેમાન | : | ડૉ. અનિર્બાન દાસ<br>(પ્રોજેક્ટ ડાયરેક્ટર. જ્ઞાન ભારત મિશન, દિલ્હી) |
| અતિથિવિશેષ | : | ડૉ. રમેશભાઈ ચૌધરી<br>(ડાયરેક્ટરશ્રી, પી. કે. પટેલ વિદ્યાસંકુલ, નરોડા, અમદાવાદ) |
| સંચાલન | : | ડૉ. મંજુલા વીરડિયા<br>(સંસ્કૃત વિભાગાધ્યક્ષા, નરોડા કૉલેજ, અમદાવાદ) |
| આભાર | : | ડૉ. ગોવિંદભાઈ ચૌધરી<br>(સંસ્કૃત વિભાગ, નરોડા કૉલેજ, અમદાવાદ) |

## પ્રથમ બેઠક : ૧૨:૦૦ થી ૧:૨૦

બીજ વક્તવ્ય : ડૉ. અનિર્બાન દાસ (પ્રોજેક્ટ ડાયરેક્ટર. જ્ઞાન ભારત મિશન, દિલ્હી)

ભોજન વિરામ : બપોરે ૧:૨૦ થી ૨:૨૦

## દ્વિતીય બેઠક : ૨:૨૫ થી ૨:૪૦

વિષય : પૌરાણિક પાઠ પરંપરામાં પાઠાન્તરો

**વક્તા : ડૉ.મનસુખભાઈ મોલિયા**

પૂર્વનિયામકશ્રી, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર .યુનિ. રાજકોટ

ચ્હા વિરામ : ૨:૪૫ થી ૩:૦૦

## તૃતીય બેઠક : ૩.૦૦ થી ૪:૩૦

વિષય : પાઠસમીક્ષાના સિદ્ધાંતો

**વક્તા : અનિર્બાન દાસ**

પ્રોજેક્ટ ડાયરેક્ટર, જ્ઞાન ભારત મિશન, દિલ્હી

**તા. ૦૯-૦૮-૨૦૨૬થી તા. ૧૪-૦૮-૨૦૨૬**

## સંભવિત વક્તાશ્રીઓ

- **ડૉ. પ્રીતિબેન પંચોલી,** અધ્યાક્ષા ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ
  વિષય- ભારતીય લેખન સામગ્રી અને હસ્તપ્રતોનું વૈવિધ્ય
- **ડૉ. ઉત્તમસિંહ,** સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી, અગરતલા, ત્રિપુરા
  વિષય - પ્રાચીન દેવનાગરીનો પરિચય
- **ડૉ. ધર્મેન્દ્રકુમાર ભટ્ટ,** એલ. ડી ઈન્ડોલોજી અમદાવાદ
  વિષય - શારદાલિપિનો પરિચય
- **ડૉ. મંજુલા વીરડિયા,** સંસ્કૃત વિભાગ અધ્યક્ષા, નરોડા કૉલેજ. અમદાવાદ
  વિષય - હસ્તપ્રતવિદ્યામાં લિપિનું મહત્ત્વ
  બ્રાહ્મીલિપિનો પરિચય

## વિશેષ નોંધ

- કાર્યશાળામાં નિયત સંખ્યા લેવાની હોવાથી રસ ધરાવતા અધ્યાપકશ્રી / વિદ્યાર્થી મિત્રોએ આપેલ રજિસ્ટ્રેશન લિંકથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન ફી ₹150 છે. રહેવાની અને ભોજનની વ્યવસ્થા સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી કરવામાં આવી છે.
- લિંકઃ https://forms.gle/3rgmHEukpkgj1iqY7
- કાર્યશાળાનો સમયઃ
  ૧૧:૦૦ થી ૫:૩૦ (૮ થી ૧૪ ઓગસ્ટ ૨૦૨૬)

રજિસ્ટ્રેશન ફોર્મ માટે સ્કેન કરો

રજિસ્ટ્રેશન ફી માટે સ્કેન કરો

**સંયોજિકા**
**ડૉ. મંજુલા વીરડિયા**
સંસ્કૃત વિભાગાધ્યક્ષા
મો. ૯૪૨૮૦૪૬૪૮૩

**સહ સંયોજક**
**શ્રી દેવેન્દ્રસિંહ રાજપૂત**
સંસ્કૃત સાહિત્ય અકાદમી
મો. ૯૬૬૨૨૪૫૨૧૨